**સરકારી અધિકારી/કર્મચારી સામેની ખાતાકીય તપાસના કેસોના ઝડપી નિકાલ માટે "લોક અદાલત" જેવું તંત્ર ઉભુ કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
**નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા**
**અને કલ્પસર વિભાગ,**
**પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૯/૨૩/ઈ.૪**
**સચિવાલય ગાંધીનગર**
**તા.** 7 DEC 2019

**વંચાણમાં લીધાં:**

(૧) સા.વ.વિ.નો તા.૨૪/૦૯/૨૦૧૯ નો ઠરાવક્રમાંક: ખતપ-૧૦૯૮-૫૪૦- ત.એ.

**પરિપત્ર:-**

સરકારી અધિકારી/કર્મચારી સામેની ખાતાકીય તપાસની કાર્યવાહી અર્ધ ન્યાયિક પ્રકારની છે. આ કાર્યવાહીમાં કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસાર દરેક તબક્કે સંબંધિત આક્ષેપિત અધિકારી/કર્મચારીને (Charged person) સ્વબચાવની પૂરતી અને વાજબી તક આપવી અનિવાર્ય છે. આ એક તથા અન્ય કારણોને લીધે ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ માં દર્શાવ્યા મુજબની કાર્યવાહી અનુસરી સરકારી અધિકારી/કર્મચારી સામેના ખાતાકીય તપાસના કેસોનો નિકાલ નક્કી કરેલ સમય-મર્યાદામાં કરવો મુશ્કેલ થાય છે. આ પરિસ્થિતિમાં સરકારી અધિકારી/કર્મચારી સામે ચાલતા ખાતાકીય તપાસના કેસોના ઝડપી નિકાલ અર્થે, લોક અદાલત જેવું તંત્ર ઊભું કરી તે દ્વારા ખાતાકીય તપાસના કેસો હાથ ધરવામાં આવે તો સમય, શકિત અને નાણાંનો વ્યય થતો અટકાવી શકાય તેમજ અધિકારી/કર્મચારી સામે ચાલતા ખાતાકીય તપાસના કેસોનો બંને પક્ષે સ્વીકાર્ય એવો ઉકેલ લાવી પ્રકરણનો અંત લાવી શકાય તે હેતુથી "લોક અદાલત" જેવી પધ્ધતિના અમલીકરણ માટે ઉપર વંચાણે લીધેલ ઠરાવ દ્વારા વહીવટી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે જે જીસ્વાન પર નીચેની હાઈપરલીંક પર ઉપલબ્ધ છે.

**https://gad.gujarat.gov.in/personnel/Portal/Document/1_2028_1_26_24-09-2019.pdf**

(૨) ક્રમાંક ૧ પરના ઠરાવની સૂચનાઓ મુજબની કાર્યવાહી કરવા, આ સૂચનાઓનો તમામ ખાતાના વડાઓની તેમજ તાબાની કચરીઓમાં બહોળો પ્રચાર પ્રસાર કરવા અને પોતાના નિયંત્રણ હેઠળના સર્વે અધિકારી/કર્મચારીઓના ધ્યાન પર લાવવા સર્વે ખાતાના વડાઓ તથા તેમના નિયંત્રણ હેઠળના કચેરીઓના વડાઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.એચ.રાઠોડ)
ઉપ સચિવ
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર

વિભાગ પ્રતિ,

- સચિવશ્રી(જ.સં.) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- ખાસ સચિવશ્રી(જ.સં.) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મુ.ઈ.શ્રી અને અ.સ.શ્રી(જ.સં.), ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી–તપાસ એકમ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી – મહેકમ, ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ
- નાયબ સચિવશ્રી – તપાસ, ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ
- નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા
- સર્વે ઉપસચિવશ્રી(જ.સં.), ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ
- કાર્યપાલક ઇજનેરશ્રી(ગુ.નિ.) અને ઉપસચિવશ્રી, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ (ઉક્ત પરિપત્ર વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ) (I.T. cell) તાત્કાલિક
- સર્વે સેક્શન અધિકારીશ્રી(જ.સં.), ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ
- શાખા સિલેક્ટ ફાઇલ – ૨૦૧૯